# પાંડેસરા પો.સ્ટે.ના વણશોધાયેલ ચેઈન સ્નેચીંગ ગુન્હાનો ભેદ ઉકેલતી, પાંડેસરા પોલીસ.

સુરત શહેરના પાંડેસરા પો.સ્ટે. વિસ્તારમાં વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા માટે પો.સ્ટે. વિસ્તારના અધિકારી/પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. છત્રપાલસિંહ જયરાજસિંહ તથા પો.કો. પ્રહલાદસિંહ પ્રધ્યુમનસિંહ નાઓને મળેલ બાતમી આધારે એક મો.સા. ઉપરથી પસાર થતા દંપતી પૈકી વાહન ચલાવનારના ગળામાંથી સોનાની ચેઈન એક મો.સા.ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઈસમોએ ખેંચી લુંટ કરી નાશી ગયેલ જે ઈસમો ઉધના નવસારી મેઈન રોડ ઉપર સિધ્ધાર્થ નગર ત્રણ રસ્તા પાસે ઉભા છે. જે જગ્યાએ જઈ વર્ણનની હકિકતવાળા ઈસમો ઉભેલા હોય, જેઓને પકડી પાડી, સદરી ઈસમોનું નામ ઠામ પુછતા (૧) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર ઉ.વ.૧૭ રહે. સુરત શહેર (૨) મોઈનુંદીન ઉર્ફે મામા હાજી યુસુફ સૈયદ ઉ.વ.૧૯ રહે. ખાટકીવાડ ચારા ગલીની પાસે, જુની સિવિલ હોસ્પીટલની પાછળ, ચોકબજાર, સુરત શહેર (૩) વાહીદ ઉર્ફે રોવ ઉર્ફે કાલીયા યુનુશ શા ઉ.વ.૧૯ રહે-ઘર નં. ૧/૩૧,૭૨, ખ્વાજાદાના દરગાહની પાસે, ગોપીપુરા, સુરત. સદરી ઈસમો પૈકી નં.૧, પેન્ટના ખીસ્સામાંથી સોનાની ગઠ્ઠી (રણી ) નંગ-૧ તથા આરોપી નં-૨ ના ખિસ્સામાંથી સોનાની ગઠ્ઠી (રણી ) નંગ-૧ ગોળ આકારની સદર ધાતુઓની રણીઓ વિશે પુછતાં જાન્યુઆરી મહીનામાં ત્રણે મિત્રોએ સાથે મળી મો.સા.ઉપર સવાર થઈ ચેન મોબાઈલ ચીલ ઝડપ કરવા માટે નીકળેલ હતા અને તે દરમ્યાન ફરતા ફરતા પ્રેમનગર સામેથી એક દંપતી પસાર થતા હતા તે પૈકી વાહન ચલાવનારના પુરૂષના ગળામાંથી સોનાની ચેન ખેંચી નાશી ગયેલ હોવાની હકિકત જણાવેલ જે અંગે પાંડેસરા પો.સ્ટે. । ગુ.ર.નં.૯/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ તેમજ મજકુર આરોપીઓ પાસેથી લુંટમાં ગયેલ સોનાની ચેઈન રણી બનાવેલ જે સોનાની ગઠ્ઠી (રણી) ૧૪.૪૮૦ ગ્રામ વજનની કિ.રૂ. ૪૪,૩૦૦/- ના મત્તાની કબજે કરી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.